# ન્યાયાધીશ, નબી ને દ્રષ્ટાઃ શમુએલ

## (ફાધર વર્ગીસ પોલ)

ઈજિપ્તની ગુલામીમાંથી નીકળીને રણ પ્રદેશમાં ચાલી વર્ષ સુધી રખડયા પછી ઈસાયલીઓ ઈશ્વરે વચન આપેલી કનાનભૂમિમાં ઠરીઠામ થઈ ગયા. તેઓએ પોતાનાં બાર કુળો વચ્ચે કનાનભૂમિની સરસ રીતે વહેંચણી કરી. દરેક કુટુંબને ભાગે પડતો અલગ સરદવાલો પ્રદેશ આપવામાં આવ્યો. પછી દરેક કુળના વડીલોએ પોતાના કુળનાં કુટુંબોને જમીન વહેંચી આપી. દરેક સુખેથી જીવી શકે એટલું બધું દરેક કટુંબને મળ્યું.

આમ કનાનભૂમિમાં ઈસાયલીઓ ઠીરીઠામ થયા ત્યાર પછી ઈસાયલીઓ વચ્ચે પહેલી વાર રાજસત્તા સ્થપાઈ ત્યાં સુધીના આશરે દોઢસો વર્ષના ગાળા દરમિયાન દેશમાં અરાજકતા પ્રવર્તતી હતી. બાઈબલના કાજીઓ ગ્રંથમાં વાંચીએ છીએ તેમ, “એ વખતે ઈસાયલમાં કોઈ રાદા નહોતો અને દરેક માણસ મરજી ફાવે તેમ વર્તતો.”

એ સમય દરમિયાન દુશ્મનોના આક્રમણને લીધે સમગ્ર ઈસાયલી પ્રજા ભીડમાં આવતી ત્યારે અમુક શક્તિશાળી આગેવાનો પ્રજાનો ઉગારો કરતા. ઈસાયલીઓને આપત્તિમાંથી બચાવી લેનાર આ વીરપુરુષો કાજીઓ તરીકે ઓળખાતા હતા. શમુએલ આવા કાજીઓમાંનો સૌથી છેલ્લો અને સૌથી મહાન કાજી હતો.

ભગવાનની બીકે ચાલનારી ભક્તિ પરાયણ સ્ત્રી હતી. હાન્ના, તેનો પતિ એલ્કાના તેના ઉપર ખૂબ પ્રેમ રાખતો. પણ વર્ષો સુધી એને કોઈ બાળક થયું નહોતું. એટલે હાન્ના ખૂબ દૂઃખી હતી અને તેણે રડતાં રડતાં ભગવાને પ્રાર્થના કરીઃ “ઓ સર્વશક્તિમાન પ્રભુ, તું જો તારી આ દાસીના દુઃખ ઉપર કૃપાદષ્ટિ કરે, મને સંભારે અને ભૂલી ન જાય અને મને એક દીકરો આપે, તો હું એ દીકરો જીવનભર અને સમર્પી દઈશ અને તેને માથે અસ્રો નહિ ફેરવાઉં.”

પ્રભુએ હાન્નાની પ્રાર્થના પૂરી કરી. તેને ગર્ભ રહ્યો. અને તેણે એક પુત્રને જન્મ આપ્યો, તેણે તેનું નામ શમુએલ પાડયું. કારણ, તે કહેતી, “મૈં પ્રભુ પાસેથી એને માગ્યો હતો.”

બાળક શમુએલને ધાવણ છોડાવ્યા પછી માતા હાન્ના મંદિરમાં લઈ ગઈ અને પુરોહિત એલીને સોંપતાં એણે પ્રાર્થના કરીઃ “હું એને પ્રભુને સોંપી દઉં છું. એ જીવશે ત્યાં સુધી પ્રભુનો થઈને રહેશે.” છોકરો શમુએલ એલની નજર હેઠળ પ્રભુની સેવા કરવા પાછળ રહ્યો. બાળક મોટો થતો ગયો અને પ્રભુની અને લોકોની પ્રીતિ પામતો રહ્યો. બાળ શમુએલ એલીની દેખરેખ હેઠળ પ્રભુની સેવાપૂજા કરતો હતો. તેને પ્રભુનો સાથ હતો. સમયના વહેણમાં આખા ઈસાયલમાં સૌ કોઈ પ્રભુના અધિકૃત પયગંબર તરીકે શમુએલ ને સ્વીકારતા હતા. શમુએલનો પડયો બોલ બધા ઈસાલીઓ ઝીલી લેતા.

એ વખતે એવું બન્યું કે પલિસ્તીઓ ઈસાયલીઓ સામે લડવાને ભેગા થયા અને ઈસાયલીઓ તેમની સામે લડવાને બહાર પડયા. ઈસાયલીઓએ એબેનેઝર આગળ છાવણી નાખી અને પલિસ્તીઓએ એફક આગળ. પલિસ્તીઓએ ઈસાયલીઓ સામે વ્યૂહ ગોઠવ્યો અને યુદ્ધ જામ્યું. તેમાં ઈસાયલીઓ પલિસ્તીઓને હાથે હારી ગયા. એટલું જ નહિ, પણ ઈસાયલી પ્રજા વચ્ચે સર્વશક્તિમાન પ્રભુની હાજરીના પ્રતીકરૂપ મંજૂષાને પણ દુશ્મનો ઉપાડી ગયા અને ઈસાયલીઓ પ્રભુને માટે ઝૂરતા રહ્યા.

એ દરમિયાન એક દિવસ શમુએલે બધા ઈસાયલીઓને કહ્યું, “તમે જો પ્રભુની પાસે પૂરા હૃદયથી પાછા ફરતા હો તો બધા વિદેશી દેવોને અને અશ્તોરેથ દેવીની મૂર્તિઓને પણ હઠાવી દો. તમારા હૃદયને પ્રભુ ઉપર ઠેરવો અને ફક્ત તેની જ પૂજા કરો. તો તે તમારું પલિસ્તીઓથી રક્ષણ કરશે.” ત્યારે ઈસાયલીઓએ બાલની અને અશ્તોરેથ દેવીની મૂર્તિઓને હઠાવી દીધી અને તેઓ ફક્ત પ્રભુને જ પૂજવા લાગ્યા.

પછી શમુએલના આદેશ મુજબ બધા ઈસાયલીઓ મિસ્પામાં ભેગા થયા. ઈસાયલીઓને મિસ્પામાં ભેગા થયેલા જોઈને પલિસ્તી રાજવીઓ ઈસાયલીઓ ઉપર હુમલા કરવા સૈન્ય લઈ ઊપડયા, આ સમાચાર સાંભળીને ઈસાયલીઓ ડરી ગયા અને શમુએલને કહેવા લાગ્યા, “આપણા ઈશ્વર પ્રભુને પલિસ્તીઓથી આપણું રક્ષણ કરવાની ધા નાખવાનું ચાલુ રાખજો.”

શમુએલ આહુતિ ધરાવતો હતો ત્યારે પલિસ્તીઓ ઈસાયલ ઉપર હુમલો કરવા આગળ વધ્યા, પણ તેઓ ઈસાયલીઓને હાથે હારીને ભાગી ગયા. આમ, શમુએલ જીવ્યો ત્યાં સુધી ઈસાયલીઓ ઉપર કાજીપણું કરતો રહ્યો.

જ્યારે શમુએલ ઘરડો થયો ત્યારે તેણે પોતાના બે દીકરાઓને ઈસાયલીઓના કાજી બનાવ્યા પણ તેઓ બાપને પગલે ચાલતા ન હોતા. તેઓ પૈસાની પાછળ પડયા અને લાંચ લઈને ન્યાયમાં ઘાલમેલ કરતા હતા. આછી ઈસાયલીઓના બધા વડીલોએ ભેગા થઈને રામામાં શમુએલ પાસે આવીને તેને કહ્યું, “જા, તમે હવે ઘરડા થયા છો અને તમારા દીકરાઓ તમારે પગલે ચાલતા નથી, માટે બીજી પ્રજાઓમાં છે તેમ અમારા ઉપર શાસન કરવાને એક રાજાની નિમણૂક કરો.”

લોકોની માગણીથી શમુએલ નારાજ થયો અને તેણે પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુએ શમુએલને સમજાવ્યું. “લોકોએ રાજાની માગણી કરીને તને નહિ પણ મને તરછોડયો છે. હું એમનો રાજા થાઉં એમ તેઓ ઈચ્છતા નથી. એ લોકો મારો ત્યાગ કરીને મારી સાથે જે રેતી વર્ત્યો છે તે રીતે તમારી સાથે વર્તે છે. તો પછી એ લોકો કહે તેમ કર. પણ એમને સ્પષ્ટ ચેતવણી આપજે અને સમજ પાડજે કે, એમના ઉપર રાજ્ય કરનાર રાજાનો વ્યવહાર કેવો હશે.”

શમુએલે લોકોને રાજાશાહીના ગેરલાભો કહી સંભળાવ્યા, છતાં લોકોએ રાજા માટેની પોતાની માગણી જારી રાખી. તે અરસામાં એક દિવસ બિન્યામીનના વંશમાં કીશ નામના માણસનો દીકરો શાઉલ પોતાના બાપની ભૂલી પડેલી કેટલીક ગધેડીઓની શોધમાં એક નોકરને સાથે લઈને નીકળી પડયો.

શાઉલ અને નોકર ઘણા પ્રદેશોમાં ફરી વળ્યા પણ તેમને સફળતા મળી નહિ. અંતે નોકરની સૂચનાથી શાઉલ ગધેડીઓનો પત્તો મેળવવા માટે દષ્ટાને મળવા શહેરમાં ગયા. તેઓ શેહર લગી પહોંચ્યા અને શહેરમાં દાખલ થતા હતા ત્યાં જ તેમને ટેકરી પરના મંદિરે જતો શમુએલ સામે મળ્યો.

શમુએલે શાઉલને જોયો. તે ભરજુવાનીમાં આવેલો હતો અને રૂપાળો હતો. ઈસાયલીઓમાં તેના કરતાં રૂપાળું કોઈ નહતું. બીજા બધા કરતાં તે એક વેત ઊંચો હતો. શાઉલને જોતાં શમુએલને પ્રભુના શબ્દો યાદ આવ્યાઃ “મેં તને જે માણસની વાત કરી હતી તે જ આ છે. એ માણસ મારા લોકો ઉપર શાસન ચલાવશે.”

પણ શાઉલ શમુએલને ઓળખતો ન હતો. એટલે તેણે શહેરના દરવાજામાં શમુએલની પાસે જઈને પુછયું “દષ્ટા ક્યાં રહે છે મને કહેશો ?”

શમુએલે જવાબ આપ્યો, “હું જ દષ્ટા. મારી આગળ તું ટેકરીના મંદિરે પહોંચી જા. આજે તમારે મારી સાથે પ્રસાદ લેવાનો છે. સવારે હું તને તારા મનમાં જે પ્રશ્નો છે તેનો ઉત્તર આપીશ. ત્રણ દિવસ પહેલાં જે ગધેડીઓ ખોવાઈ ગઈ હતી તેની ચિંતા કરીશ, કારણ તે મળી ગઈ છે.” પછી શમુએલ શાઉલને અને તેના નોકરને ભોજનખંડમાં લઈ ગયો અને તેમને મહેમાનોની મોરખે બેસાડયા. આમ, તે દિવસે શાઉલે શમુએલની સાથે પ્રસાદ લીધો.

બીજે દિવસે શાઉલ અને શમુએલ બંને પરોઢિયે રસ્તા ઉપર નીકળી પડયા. તેઓ શહેરને નાકે આવ્યા ત્યારે શમુએલે શાઉલને કહ્યું. "તારા નોકરને આગળ મોકલી દે." નોકર ચાલતો થયો.

શમુએલે ફરી કહ્યું, "તું સહેજ વાર અહીં ઊભો રહે, હું તને ઈશ્વરનો સંદેશો કહું છું." પછી શમુએલે તેલની શીશી શાઉલના માથા ઉપર ઠાલવી અને તેને ચુંબન કરીને કહ્યું "પ્રભુ પોતાની પ્રજા ઈસાયલીઓના રાજા તરીકે તારો અભિષેક કરે છે. તારે પ્રભુની પ્રજા ઉપર રાજ્ય કરવાનું છે."

પછી એક દીવસ શમુએલે બધા ઈસાયલીઓને બોલાવીને પ્રભુની સમક્ષ મિસ્પામાં ભેગા કર્યા, શમુએલે શાઉલને લોકો વચ્ચે જોયો નહિ, પણ પ્રભુની પ્રેરણાથી સામાન વચ્ચે સંતાઈ રહેલા શાઉલને બહાર લાવીને લોકો વચ્ચે ઊભો રાખ્યો અને શમુએલે લોકોને કહ્યું, "પ્રભુએ પસંદ કરેલા માણસને જોયો ? આખી પ્રજામાં એનો જોટો મળે એમ નથી."

બધા લોકોએ "રાજા ઘણું જીવો!" ના પોકારથી તેને વધાવી લીધો. શાઉલના રાજ્યાભિષેકને વર્ષો વીતી ગયા. રાજા શાઉલ ઘણી વાર પ્રભુના દોર્યા રસ્તે ચાલ્યો નહિ. એટલે એક દિવસ શમુએલે પ્રભુના પ્રેર્યા શાઉલ પાસે જઈને કહ્યું, "તે પ્રભુની આજ્ઞાને ફગાવી દીધી છે એટલે પ્રભુએ તને ઈસાયલના રાજા તરીકે ફગાવી દીદો છે." પછી શમુએલ પ્રભુના દોર્યા બેથલહેમ ગયા અને ત્યાં પ્રભુના આદેશ મુજબ તેમણે ઈશાઈના નાના દીકારા દાઉદનો ઈસાયલીઓના રાજા તરીકે અભિષેક કર્યો.

બાઈબલના એક પાત્ર તરીકે શમુએલ આગવું વ્યક્તિત્વ ધરાવે છે. શમુએલ એક કાજી છે. પરંતુ બાઈબલના બીજા કાજીઓથી શમુએલનું કાજીપણું અલગ તરી આવે છે. બાઈબલનો એ છેલ્લો કાજી છે. શમુએલ બાઈબલના પ્રથમ પયગંબર તરીકે પણ આગવો ભાગ ભજવે છે. શમુએલ રાજાશાહીની વિરુદ્ધમાં હોવા છતાં તે એક નહિ પણ બે રાજાઓનો અભિષેક કરે છે.

આ રીતે જોઈએ તો રાજાશાહીનો પાયો નાખનાર પયગંબરોના પયગંબર તરીકે શમુએલનું પાત્ર ઊપસી આવે છે. પ્રભુના પ્રતિનિધિ તરીકે રાજાને પસંદ કરીને એમનો અભિષેક કરવાનું કામ શમુએલ  જ કરે છે. ઈશ્વરી પ્રજા ઈસાયલને શરૂઆતમાં કાજીઓ આગેવાની પૂરી પાડતા હતા. શમુએલના વખતમાં કાજીઓની આ આગેવાની રાજાશાહીમાં પરિણમે છે. એમાં એક ન્યાયાધીશ, નબી ને દષ્ટા તરીકે શમુએલનો આગવો ફાળો છે.

(છેલ્લે બદલ્યાની તારીખ: 16-11-2006)

(ફરી બદલવાની તારીખઃ 01-12-2006)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2006